ગાંધીનગર સમાચાર

**આજે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩નું પરિણામ**

# સિવિલ હોસ્પિટલની સેવા-સુવિધાઓ અંગે રાજયપાલશ્રીએ જાણકારી મેળવી

## હોસ્પિટલમાં સ્ટાફની અછત અંગે ગંભીર નોંધ લીધી આંતર માળખાકીય સુવિધાઓની વિગતો પણ મેળવી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કૉલેજમાં સેવાઓ અને સુવિધાઓને લઈ રાજયના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ સત્તાવાળાઓને પૃચ્છા કરી હતી.

આજે સાંજે રાજયના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ આ અંગે મેડિકલના ડીન ડૉ. અરૂણ વ્યાસ, સિવિલ સુપ્રિ. ડૉ. બિપિનભાઈ નાયક, મેડીસીન વિભાગના ડૉ. વર્ષાબેન, સર્જરીના વડા ડૉ. નિયતિબેન લાખાણી તથા ઈન્ચાર્જ આર.એમ. ઓ. ડૉ. ચૌહાણને રાજભવન તેડાવ્યા હતા.

મહામહીમ રાજયપાલશ્રીએ હોસ્પિટલનાં નવા સંકુલની સુવિધાઓને લઈ વિશેષ પૃચ્છા કરી હતી. તેમજ આંતર માળખાકીય સુવિધાઓ અંગે પણ નાની-નાની બાબતોની જાણકારી મેળવી હતી. તેમણે સિવિલ હોસ્પિટલમાં હાલના દર્દીઓની સરાસરી કેટલી રહે છે તેમાંથી સાજા થઈ પરત ફરતા હોય તેનું પ્રમાણ, લેબોરેટરીની સુવિધા, મેડીસીનમાં આવતા દર્દીઓ; દવાના જથ્થા; સર્જરીમાં ઓપરેશન થિયેટર અને તેની અંદરની સુવિધા સહિતની બાબતો અંગે પૃચ્છા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડિકલ કૉલેજમાં પણ સુવિધાઓને લઈ મહામહીમ રાજયપાલશ્રીએ વિશેષ રસ દાખવ્યો હતો. તેમણે લાયબ્રેરી; માઈક્રોબાયોલોજી મ્યુઝિયમ તેમજ પેથોલોજી લેબોરેટરી બાબતે પણ પૃચ્છાઓ કરી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અને કૉલેજના સ્ટાફની ઘટ અંગે પણ મહામહીમ રાજયપાલશ્રીએ પૃચ્છા કરી જે અંગે હાલ ભરતીની હાથ ધરવામાં આવેલ કાર્યવાહીની જાણકારી સત્તાવાળાઓએ રજુ કરી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સેવાઓ અને સુવિધાઓ

● અનુસંધાન પાન-૭ પર



નાતાલનું પર્વ હવે હાથવેંતમાં છે ત્યારે તેની ઉજવણી તથા આવકારના સમાચાર ચારેકોરથી પ્રાપ્ત થઈ રહ્યા છે. સૅક્ટર- ૫ બી ખાતે પ્લૉટ નં. ૧૪૫૧/૧ ખાતે નાતાલને આવકારવા માટે ઈશુના જન્મ પ્રસંગની સુંદર પ્રતિકૃતિએ શહેરમાં આકર્ષણ જગાવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સરકારી કચેરીઓ-બેંકોમાં ચાર દિવસનું વૅકેશન

ગાંધીનગર, તા. ૨૩

ઈલે મિલાદ અને નાતાલની બે રજાઓ બાદ શનિ રવિની સળંગ રજાઓના કારણે સરકારી કચેરીઓ અને બેંકોમાં સળંગ ચાર દિવસનું મીની વેકેશન પડયું છે. રજાઓનું સેટીંગ કરી ઘણા પરિવારો રજાઓ માણવા ઉપડી ગયા છે.

ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં સળંગ રજાઓનો મેળ સરકારી કર્મચારીઓ અને બેંકોના કર્મચારીઓને સારો લાભ કરાવી દેશે. ૨૪મીને ગુરૂવારે ઈલે મિલાદની રજા સરકારી કચેરીઓ અને બેંકોમાં છે. ૨૫મી નાતાલની અને તે પછી ચોથો શનિવાર અને રવિવાર એમ સળંગ ચાર દિવસની રજાઓના કારણે મીની વેકેશનનો માહોલ જોવા મળ્યો છે. ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં જ સળંગ રજાઓનો સારો એવો મેળ પડયો છે. ડિસેમ્બર માસમાં કર્મચારીઓ વર્ષની બાકી રહેલી રજાઓ ભોગવી લેવાના મુડમાં હોવાથી આ ચાર રજાઓ સાથે અન્ય રજાઓ મુકી હરવા ફરવા ઉપડી ગયા છે. ગોવા અને દિવ જેવા સ્થળોએ ઘણા પરિવારો ફરવા ઉપડી ગયા છે. શાળાઓમાં પણ રજાઓ હોવાથી કર્મચારીઓ માટે હરવા ફરવા જવાનું સરળ બન્યું છે. આ દિવસો દરમિયાન ટીકીટ બુકીંગનું ઘણું પ્રેશર રહેતું હોવાથી ઘણાએ અગાઉથી જ બુકીંગ કરાવી દીધું છે. હવે ૧લી જાન્યુઆરી પછી જ સરકારી કચેરીઓમાં પુરતી હાજરી જોવા મળશે એ નિશ્ચિત છે.

# મુખ્યમંત્રી આનંદીબેન સોમવારે ગુણોત્સવ સંદર્ભે અધિકારીઓ-પદાધિકારીઓને માર્ગદર્શન આપશે

## ગુણોત્સવના મૂલ્યાંકનમાં સી અને ડી ગ્રેડની શાળાઓને અગ્રતા અપાશે

ગાંધીનગર, તા.૨૩

સોમવારના રોજ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગુણોત્સવ-૬ વિશે સાબરમતી હોલમાં અધિકારીઓને મૂલ્યાંકનને લઈ વિશેષ માર્ગદર્શન આપશે.

સવારે ૧૦ વાગે સ્વર્ણિમ સંકુલમાં તેઓ અધિકારીઓને સંબોધન કરશે. આ બેઠકમાં રાજયમંત્રી મંડળના સભ્યો ઉપરાંત અધિકારીઓ પણ હાજર રહેશે.

જિલ્લાના અધિકારીઓ જિલ્લાના વી.સી. હોલમાંથી આ જીવંત પ્રસારણ સાંભળશે જયારે રાજયની તમામ સ્કુલોને ટેલિ કોન્ફરન્સથી આ પ્રવચન સાંભળવા મળશે. આ માટેની તમામ સૂચનાઓ જિલ્લા અને રાજયકક્ષાએ અપાઈ ચુકી છે. આગામી ૭ થી ૯ જાન્યુઆરી દરમિયાન આ ગુણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૭૦ ટકા ગુણાંક બાહ્ય મુલ્યાંકન જે શાળાઓએ કરવાનું છે તેના રહેશે જયારે ૩૦ ટકા ગુણાંક વિદ્યાર્થીઓના શૈક્ષણિક મૂલ્યાંકનના રહેશે. ગુણોત્સવના કાર્યક્રમ અંગેનું તમામ આયોજન થઈ ચુકયું હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. આ વખતે સી અને ડી ગ્રેડમાં આવેલ સ્કુલોના મુલ્યાંકન પર વિશેષ ભાર મુકાશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે. જેથી સરકારના ગુણવત્તાસભર શિક્ષણને કેટલી સફળતા મળી છે તેનું પરિણામ જાણવા મળી શકશે. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે એક હજારથી વધુ અધિકારીઓ અને પદાધિકારીઓ પણ આ મૂલ્યાંકનની પ્રક્રિયામાં જોડાશે.

# આજે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩નું પરિણામ અપાશે

ગાંધીનગર તા ૨૩

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૩ની પરિક્ષાનુ બોર્ડ દ્વારા તા ૨૪ ડિસેમ્બરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ બોર્ડની પરિક્ષા આપી હતી.

ગત ઓકટોબર મહીનામાં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષાનુ બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવશે. માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવે આ અંગે જણાંવ્યા અનુસાર વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ૩ ની પરિક્ષાનુ પરિણામ તા ૨૪ ડીસેમ્બરના રોજ બોર્ડની વેબસાઈટ પરથી જાહેર કરવામાં આવશે. જયારે માર્કશીટ આપવાની જાહેરાત બોર્ડ દ્વારા આજે જાહેર કરવામાં આવશે. જેની નોંધ લેવા વિદ્યાર્થીઓ તેમજ શાળાના આચાર્યોને જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાંથી પણ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૩માં ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી.

પરિણામમાં વિલંબ થતાં વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ઉચાટની લાગણી પ્રવર્તતી હતી. કેટલાક વાલીઓએ સત્તાવાહકો સમક્ષ રજૂઆતો પણ કર્યાના અહેવાલો પણ પ્રાપ્ત થયા હતા.

અલબત્ત, હવે બોર્ડ દ્વારા પરિણામ જાહેર થવાની સત્તાવાર જાહેર કરવામાં આવતાં સૌની ઈંતેઝારીનો અંત આવ્યો છે.

# જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૫૦ શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય

## શિક્ષણમંત્રીની જાહેરાત બાદ પ્રવાસી શિક્ષકોની ભરતી કરી ઘટનો પ્રશ્ન હલ કરાશે : રેગ્યુલર ભરતી ન થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા કરાશે

ગાંધીનગર તા ૨૩

રાજયમાં માનદ વેતનથી શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવાયો છે. જેના પરિણામે શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થશે તેમ મનાઈ રહયુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ સરકરી શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓનુ શિક્ષણ રૂંધાતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંદાજિત ૧૫૦ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

રાજયની શાળાઓમાં શિક્ષણ ક્ષેત્રે ઘટનો પ્રશ્ન છેલ્લા ઘણાં સમયથી શિક્ષિત સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. શિક્ષકોની રેગ્યુલર ભરતીના અભાવે શાળાઓમાં શિક્ષકોની ઘટ પ્રવર્તી છે. ત્યારે પાટનગરમાં પણ શિક્ષણ ક્ષેત્રે દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં શાળાઓમાં શિક્ષકોની ઘટને પહોંચી વળવા માનદ વેતનથી શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવી છે. પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવશે. આ અંગે વિધિવત પરિપત્ર જારી કરી દેવાતા ટુંકમાં જ શાળાઓમાં ભરતી પ્રક્રયા હાથ ધરવામાં આવશે. આ અન્વયે પ્રવાસી શિક્ષકોને રૂ ૩૦૦ થી લઈ ૫૫૦ સુધીનુ વેતન ચુકવવામાં આવશે.રાજયના પાટનગરમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. અલબત્ત જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ શિક્ષકોની ઘટનો આંકડો ઉંચો હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ ટુંકમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

# ઉદ્યોગ ભવનની તોતિંગ બિલ્ડીંગના રિનોવેશનમાં ભ્રષ્ટાચારની ફરિયાદો

## રીનોવેશનના વિવિધ કામો પાછળ કરોડો ખર્ચાયા તોતિંગ ભવનનો કલર પણ ઉતરી ગયો ટોઈલેટ બ્લોકમાં તુટેલી ટાઈલ્સો નળ અને લાઈટના ઠેકાણાં નથી : મુલાકાતીઓને પ્રથમ દ્રષ્ટીએ જ ભ્રષ્ટાચારનો ચિતાર નજરે પડે છે

ગાંધીનગર તા ૨૪

ઘ-૪ સ્થિત ઉદ્યોગ ભવનના તોતિંગ બિલ્ડીંગમાં ભ્રષ્ટાચારે ભરડો લીધો છે. ઉદ્યોગ ભવનમાં રીનોવેશનની કામગીરીમાં ગુણવત્તાના અભાવ વચ્ચે ખાયકી થતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ઉદ્યોગભવનમાં ટોઈલેટ બ્લોકના રીનોવેશન તેમજ કલરકામ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા બિલ્ડીંગમાં પાયાની સુવિધાને લગતી મુળભુત સમસ્યાઓ યથાવત છે. ટુંકા ગાળામાં બિલ્ડીંગ પરથી કલર પણ ઓસરી ગયો છે. જવાબદાર અધિકારીઓ દ્વારા કામગીરીનુ સુપરવિઝન પણ થતુ નથી. કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ભ્રષ્ટ વહીવટ સામે ભવનની વિવિધ કચેરીઓમાં પણ ગણગણાટ પ્રવર્તયો છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગ ભવનના તોતિંગ બિલ્ડીંગમાં તંત્ર દ્વારા રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ડકટ નવી બનાવવા ઉપરાંત બિલ્ડીંગને કલર ઉપરાંત ટોઈલેટ

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **શૈલેષભાઈ સોમાલાલ પંચાલ**, સેકશન ઓફિસર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગાંધીનગર (મૂ.વ.ચાણસ્મા)નું દુઃખદ અવસાન તા. ૨૦-૧૨-૨૦૧૫, રવિવારે થયેલ છે. ! ઈશ્વરેચ્છા બલિયસી ! સદ્‌ગતનું **બેસણું તા. ૨૪-૧૨-૨૦૧૫, ગુરુવારે સવારે ૯ થી ૧૨** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**બ્લોક નં. ૬૯૩/૩, ઘ-૧ ટાઈપ, ત્ર્યંબકેશ્વર મહાદેવની સામે, સેક્ટર-૮, ગાંધીનગર**

લિ.

દિશાંત શૈલેષભાઈ પંચાલ

હા. ગં. સ્વ. જયાબેન સોમાલાલ પંચાલ (માતા)

ગં. સ્વ. કુસુમ શૈલેષભાઈ પંચાલ (પત્નિ)

કુ. જીનલ શૈલેષભાઈ પંચાલ (પુત્રી)

અ.સૌ. ઉપાસના દિશાંત પંચાલ (પુત્રવધૂ)

પિયર પક્ષનું બેસણું સાંજે ૪ થી ૬ કલાકે

સ્થળ : દેવહોમ-૩, બલોલનગર ચાર રસ્તા, રાણીપ, અમદાવાદ

હરજીવનદાસ હરગોવનદાસ પંચાલ

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*

● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર

Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Christmas Offer

Rs. 500/-* માં

2 પેન્ટ (Minor Second) or 2 બરમ્યુડા/શોર્ટ or 2 શર્ટ or 2 ટી-શર્ટ

વ્યક્તિ દિઠ વધુ માં વધુ ૪ પેન્ટ મળશે,

મુરલીધર ફેક્ટરી આઉટલેટ

C/7-8, કોબા એપરલ પાર્ક, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર. (સમય: ૯ થી ૭)

Sam's PIZZA™

Food, Friends & Fun, Unlimited...



Enjoy the PIZZARIOUS JOURNEY!

FROM SOUPS TO DESERTS

UNLIMITED OFFERS STARTS ONWARDS ₹190*

WEEKDAYS (MON-FRI) ₹190/ Lunch* ₹230/ Dinner*

WEEKENDS (SAT-SUN) ₹230/ Lunch* ₹250/ Dinner*

HOT! Pasta



Now Available in UNLIMITED Offer

Sam's Pizza, Super Mall 2, Infocity, Nr. Gh-0 Circle, Gandhinagar-382 009

Call : +91 79 23213366 / +91 99099 21022

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com